# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/021 Dt. 27/06/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત How to Prevent Cancer in 2025 વિષે સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આરોગ્ય સંબંધિત વિવિધ વિષયો સંદર્ભે ઉદ્યોગ સાહસિકો તેમજ શહેરીજનોમાં અવેરનેસ લાવવાના હેતુથી હેલ્થ સિરીઝની શરૂઆત કરવામાં આવી છે, જેના ભાગ રૂપે રવિવાર, તા. ૨૨ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે How to Prevent Cancer in 2025 વિષય પર સેશન યોજાયું હતું, જેમાં શહેરના જાણીતા કિમિયોથેરાપી સ્પેશ્યાલિસ્ટ ડો. કૌશલ પટેલ દ્વારા કેન્સરના પ્રારંભિક લક્ષણો અને તેના નિવારણ અંગે વિગતવાર માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ સેશનનો મુખ્ય હેતુ સુરતના નાગરિકો અને ઉદ્યોગ સાહસિકોમાં કેન્સર જેવા ગંભીર રોગથી બચવા માટે જરૂરી માહિતી તથા જીવનશૈલીમાં લાવી શકાય તેવા સકારાત્મક બદલાવ વિશે જાગૃતિ ફેલાવવાનું હતું. સ્વસ્થ સમાજનું નિર્માણ જાગૃતિથી જ શકય છે અને ચેમ્બર હંમેશાં આવા આરોગ્યપ્રદ પ્રયાસોમાં સહભાગી રહેશે.

ડો. કૌશલ પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ રોગમાં સૌથી મોટું હથિયાર રોગ પ્રત્યેની અવેરનેસ છે. આજે લોકો તંદુરસ્ત દેખાય છે છતાં અંદરથી રોગપ્રતિકારક શક્તિ નબળી થઈ રહી છે, જે કેન્સર જેવી બીમારીઓનું કારણ બની શકે છે. તંબાકૂ, ગુટખા, સિગારેટ જેવા વ્યસનોથી દૂર રહેવું, નિયમિત હેલ્થ ચેકઅપ્સ અને સ્ક્રીનિંગ,

તંદુરસ્ત આહાર અને શારીરિક વ્યાયામ, માનસિક તાણથી દૂર રહેવું, પરિવારમાં કેન્સરની પૃષ્ઠભૂમિ હોય તો ખાસ સાવચેત રહેવું જેવા વિષયો પર તેમણે ભાર મૂકયો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, કેન્સર સામેની લડત માત્ર દવાઓથી નહીં પણ માહિતી અને સમયસર તપાસથી પણ લડી શકાય છે. એના માટે દરેક વ્યક્તિએ પોતાના આરોગ્ય માટે કાળજી રાખવી જરૂરી છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધી, ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામા, કો–ચેરમેન ડો. જગદિશ વઘાસિયા અને સભ્ય ડો. રાજન દેસાઇએ આ સેશનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.